# Aid to Sudan, South Sudan, Djibouti and Eritrea

October 26, 2020

## સુદાન, દક્ષિણ સુદાન અને એરિટ્રીયાને મદદ

ઓક્ટોબર 26, 2020

1. જરૂરીયાતનાં સમયમાં આફ્રિકાનાં લોકો સુધી પહોંચવાની ભારતની પરંપરાનું પાલન કરતા, ભારત સરકારે કુદરતી આફતો અને કોવિડ મહામારીથી અસરગ્રસ્ત થયેલા લોકોની યાતના હલ કરવા માટે સુદાન, દક્ષિણ સુદાન, ડીજિબોતી અને એરિટ્રીયાને 270 મેટ્રિક ટન ખાદ્યસામગ્રી પ્રદાન કરવાનું નક્કી કર્યું છે. 155 મેટ્રિક ટન ઘઉંનો લોટ, 65 મેટ્રિક ટન ચોખા અને 50 મેટ્રિક ટન ખાંડનો સમાવેશ કરતા ખાદ્યસામગ્રીની મદદ ભારતીય નૌસેનાનાં જહાજ ઐરાવત પર મોકલવામાં આવી રહી છે, જે 24 ઓક્ટોબર 2020 નાં રોજ મુંબઈથી આ પ્રાંતની મુલાકાતે રવાના થયું હતું, તેની મુલાકાત દરમિયાન તે ડીજિબોતી, માસાવા, પોર્ટ સુદાન અને મોમ્બાસાનાં બંદરો પર લાંગરશે.

2. ભારત અને આફ્રિકાનાં દેશો વચ્ચે કેટલીક સદીઓમાં મૈત્રી અને ભાઈચારાનાં સંબંધોનાં મજબૂત બંધનોનું ઘડતર થયું છે અને મજબૂત થયા છે. ભારત હંમેશા આફ્રિકાનાં લોકો અને દેશો સાથે એક થઇ ઉભો રહ્યો છે. અને વિકાસ, ક્ષમતા નિર્માણ અને માનવીય સહાયતા કાર્યક્રમો હાથ ધરવામાં ભાગીદારી નોંધાવી છે.

3. કોવિડ-19 મહામારીનાં ફેલાવાની શરૂઆતથી જ, ભારત સરકારે આ દેશોની સરકારો સાથે વિશેષ ઉડાનો મારફત એકબીજાનાં નાગરિકોને વતન પરત લાવવા પર અને તબીબી સહાયતાનાં પૂરવઠા માટે નજીકથી કામ કર્યું છે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 26, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.